GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

# મૂલ્યો અને વૈશ્વિક દષ્ટિકોણમાં સહભાગી માનવતા

## Shared Humanity in the Context of Values and Global Perspective

ડૉ. દીપિકા આર. ચૌધરી
આસિસ્ટેન્ટ પ્રોફેસર
શ્રીમતી એસ. આઈ. પટેલ ઈપ્કોવાળા
કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદ. 388 450.

**સારાંશ (Abstract)**

પ્રસ્તુત અભ્યાસપેપર માનવીય મૂલ્યો અને વૈશ્વિક દષ્ટિકોણના પરિપ્રેક્ષ્યમાં "સહભાગી માનવતા" એટલે સહભાગી માનવતા વિષયનું વિશ્લેષણ કરવાનું છે. આજે વૈશ્વિકીકરણ અને ટેક્નોલોજીના કારણે વિશ્વ એકબીજાથી ખૂબ નજીક આવ્યું છે અને આપણે આપણી જાતને **'विश्वकुटुम्बकम'** ની ભાવના સાથે વિશ્વબંધુ તરીકે ઓળખાવીએ છીએ, છતાં કેટલીક બાબતોમાં ઓળખ આધારિત ધ્રુવીકરણ, નફરત, ભ્રામક – ખોટી માહિતી, સામાજિક – આર્થિક અસમાનતા અને વ્યક્તિ – વ્યક્તિ તથા સમાજ – સમાજ ને રાષ્ટ્ર – રાષ્ટ્ર વચ્ચે સંઘર્ષ ઓછો થયો નથી. સહભાગી માનવતા એ એક અવો માનવકેન્દ્રિત નૈતિક અભિગમ છે જે દરેક વ્યક્તિનું માનસન્માન, આત્મગૌરવ, સમાન અધિકાર, કરુણા અને ન્યાયને પ્રાધાન્ય આપે છે.

પ્રસ્તુત અભ્યાસ પેપરમાં સહભાગી માનવતા મૂલ્યોને સર્વમાન્ય – સર્વભોગ્યતાનો દષ્ટિકોણ વિકસાવે છે. એ પ્રકારના વૈશ્વિક દષ્ટિકોણને નૈતિક આધાર આપે છે, કોરોના જેવી મહામારી, હવામાનમાં બદલાવ, ગરીબી, સ્થળાંતર અને માનવ અધિકાર જેવા વૈશ્વિક પ્રશ્નો સામે જવાબદારીપૂર્વક સહકારથી સામનો કરવાની ક્ષમતા ઊભી કરી આપે છે. સાથે – સાથે અતિ રાષ્ટ્રવાદ, જૂથવાદ, શક્તિ પ્રદર્શનની રાજનીતિ અને અવસર (તક)ની અસમાનતા જેવા પડકારોને પહોંચી વળવા સંબંધે ચર્ચા કરવામાં આવી છે.

અંતે, અભ્યાસક દ્વારા મૂલ્યઆધારિત શિક્ષણને વધુ સુદૃઢ, સામાજિક સૌહાર્દ, ડિજિટલ સાક્ષરતા અને ન્યાય આધારિત નીતિઓને વધુ પ્રવેગી બનાવી તેના દ્વારા સહભાગી માનવતાને વિચારથી વ્યવહાર સુધી લાવવા માટેના સુચારુ ઉપાયો સૂચવવામાં આવ્યા છે.

**ચાવીરૂપ શબ્દો :** સહભાગી માનવતા, મૂલ્યો, વૈશ્વિક દૃષ્ટિકોણ, માનવ ગૌરવ, સહાનુભૂતિ અને કરુણા, સામાજિક ન્યાય, માનવ અધિકાર, વિવિધતા અને સમાવેશ, વૈશ્વિક નાગરિકતા, આંતરસાંસ્કૃતિક સંવાદ – સૌહાર્દ

**પ્રસ્તાવના**

આજે આધુનિક યુગમાં વિશ્વ એક પરિવાર જેવું ભાસે છે. વૈશ્વિકીકરણ, ટેક્નોલોજી, વેપાર, પ્રવાસ અને ડિજિટલ સંચારના કારણે આજે દેશ – દેશ વચ્ચેનું ભૌગોલિક અંતર ઘટ્યું છે અને વિશ્વ જાણે કે એક પરિવાર ભાસે છે, પરંતુ દરેકની વિચારધારા, સાંસ્કૃતિક પરિવેશ અને સામાજિક પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો માણસ – માણસથી હજી જોજનો દૂર છે. જાતિ, ધર્મ, ભાષા, વર્ગ, રાષ્ટ્રીયતા અને રાજકીય ધ્રુવીકરણના કારણે આજે માનવસમુદાયમાં અવિશ્વાસ, અસહિષ્ણુતા અને સંઘર્ષ તીવ્ર બન્યા છે. આવી પરિસ્થિતિમાં Values & Global Outlook (મૂલ્યો અને વૈશ્વિક દૃષ્ટિકોણ) નો વિષય માત્ર કોઈ તત્ત્વચિંતન નહીં પરંતુ માનવસમાજના ટકાઉ ભવિષ્ય માટે માર્ગદર્શક બની જશે.

માનવીય મૂલ્યો જેવાં કે; કરુણા, ન્યાય, સત્ય, સમાનતા, જવાબદારી અને સહકાર - એ માનવીય જીવનને દિશા સૂચવતા નૈતિક અને સામાજિક પાયાના આધારસ્તંભો છે. જ્યારે વૈશ્વિક દૃષ્ટિકોણ એટલે પોતાની સ્થાનિક સીમાઓથી ઉપર જઈને વિશ્વને વિશ્વ બંધુત્વની ભાવના સાથે પરસ્પર જોડાયેલું કુટુંબ તરીકે જોવાનો એક અલગ અભિગમ છે; જેમાં વિશ્વના કોઈ ખૂણામાં આવેલા કોઈપણ સમાજ કે વ્યક્તિની વૈશ્વિક સમસ્યાને "બીજાની" નહીં પરંતુ "સામૂહિક" સમસ્યા તરીકે સમજવામાં આવે છે. અને આમ, આ તમામને જોડતું કેન્દ્રસ્થ મૂલ્ય એટલે સહભાગી માનવતા.

બીજા શબ્દોમાં કહેવું હોય તો સહભાગી માનવતા એટલે ભલે લોકોની સ્વાયત્ત ઓળખ, પરંપરા, ભાષા અને માન્યતાઓ ભિન્ન – ભિન્ન હોવા છતાં દરેકના આત્મ સન્માન, સુરક્ષા, સમાન માનવ અધિકાર અને

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

જીવન જીવવાની પાયાની જરૂરિયાતો એક સમાન છે. – તેમ માનવું અને તેને માટે સહિયારો પ્રયાસ કરવો.

પ્રસ્તુત અભ્યાસપેપરમાં અભ્યાસક દ્વારા મૂલ્યો અને વૈશ્વિક દૃષ્ટિકોણના પરિપ્રેક્ષ્યમાં સહભાગી માનવતાને સમજવાની સાથે – સાથે તે સંબંધી પૃષ્ઠભૂમિ, આવશ્યકતા, તેના મુખ્ય તત્વો, તેની સામેના પડકારો અને તેના ઉકેલની દિશાઓનું અભ્યાસ કરવામાં આવ્યો છે.

❖ **સહભાગી માનવતા : વ્યાખ્યા અને વૈચારિક પૃષ્ઠભૂમિ**

સહભાગી માનવતા એ એક એવો નૈતિક અને માનવકેન્દ્રિત વિચાર છે કે જેના હેઠળ અનેક માનવીય જરૂરિયાઓ અને લાગણીઓના સંદર્ભ સર્વત્ર માનવ સમાન છે. વિશ્વનો દરેક માનવ દુઃખ, આનંદ, ભય, આશા, પ્રેમ, સન્માન અને સુરક્ષાની ઈચ્છા સાથે જીવતો રહ્યો છે. આ સંદર્ભે માણસ અત્ર – તત્ર – સર્વત્ર એક સમાન છે. માટે "હું" અને "તમે" વચ્ચેના ભેદને ભૂલી "અમે" નો ભાવ વિકસાવવો એ સહભાગી માનવતાના શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય રહ્યો છે.

સહભાગી માનવતાનો વિચાર એ હમેશાં માનવ ગૌરવના સિદ્ધાંત સાથે જોડાયેલો છે. માનવ ગૌરવના સિદ્ધાંત હેઠળ વ્યક્તિનું મૂલ્ય તેની જાતિ, ધર્મ, રંગ, લિંગ, દેશ અથવા સંપત્તિથી થતું નથી. સહભાગી માનવતામાં નૈતિકતાના ધોરણે વ્યક્તિને "સમુદાયના સભ્ય"થી આગળ "માનવ કુળના સભ્ય" તરીકે જોવામાં આવે છે. આ પ્રકારનો દૃષ્ટિકોણ સમાજમાં સહિષ્ણુતા વધારવાની સાથે – સાથે વૈશ્વિક સમસ્યાઓ માટે સંયુક્ત ભાગીદારીની ભાવના ઊભી કરે છે.

❖ **માનવીય મૂલ્યો અને વૈશ્વિક દૃષ્ટિકોણના પરિપ્રેક્ષ્યમાં સહભાગી માનવતાનું મહત્વ :**

માનવીય મૂલ્યો અને વૈશ્વિક દૃષ્ટિકોણનો મુખ્ય ઉદ્દેશ્ય માણસને વ્યક્તિ – સમાજલક્ષી સંવેદનશીલ, જવાબદાર અને ન્યાયપ્રિય નાગરિક બનાવવાનો છે. જો માનવીય મૂલ્યો માત્ર પોતાના સમુદાયથી પર જઈ જૂથવાદ, પક્ષપાત અથવા અતિ–ઓળખવાદમાં ફેરવાઈ જાય ત્યારે વૈશ્વિક દૃષ્ટિકોણ એ સંકૂચિત સીમાઓને વિસ્તારતાં આપણને સમજાવે છે કે માણસના વિચાર અને કર્તવ્યનું ક્ષેત્ર એ માત્ર કેન્દ્રસ્થ કે સ્થાનિક નથી; પરંતુ એ વૈશ્વિક સ્તર સુધી ફેલાયેલું છે.

GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

સહભાગી માનવતા એ આ બંને વચ્ચે જોડાણ – પુલની ભૂમિકા અદા કરવાની સાથે માનવીય મૂલ્યોને વિશાળ ફલક પર લઈ જાય છે. અને તે વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં માનવમૂલ્યોની ~~ગરિમા વધારે~~ગરિમામાં વધારો કરે છે. ઉદાહરણ તરીકે, જો કોઈ દેશ કે પ્રદેશમાં યુદ્ધ, ભૂખમરી, કુદરતી આપત્તિ કે દમન થાય છે, ત્યારે સહભાગી માનવતા જે તે બાબતને જે તે દેશ કે પ્રદેશની સમસ્યા કે “દુ:ખ” ન માનતા એ સમગ્ર માનવકૂળનો પ્રશ્ન કે સમસ્યા બની જાય છે. અને આ દૃષ્ટિકોણ માનવિય સહાય, શાંતિપ્રક્રિયા, અને દરેક માટે સમાન ન્યાયની માંગ – ભાવનાને મજબૂત બનાવે છે.

❖ **આધુનિક વૈશ્વિક પરિસ્થિતિમાં સહભાગી માનવતની આવશ્યકતા :**

પ્રવર્તમાન સમયમાં સહભાગી માનવતાની આવશ્યકતા ઊભી થવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

○ **સામાજિક ધ્રુવીકરણ, ઓળખ–રાજકારણ અને નફરત**

પ્રવર્તમાન સમયમાં આજે ઘણા સમાજ અને સમુદાયમાં ધર્મ, જાતિ અને રાજકીય વિચારધારાના આધારે ધ્રુવીકરણ વધે અને કોઈ એક ચોક્કસ માનવ સમાજ પોતાના જૂથને “સાચો” અને બીજાને “ખોટો” માનવા લાગે છે, ત્યારે સૌહાર્દ હિંસામાં પરિણમે છે. સહભાગી માનવતા આ પ્રકારના વલણને વખોડે છે; અને દરેકને યાદ અપાવે છે કે મતભેદ હોવા છતાં વ્યક્તિનું માનવ – સન્માન કે ગૌરવ અખંડ છે, શાશ્વત છે.

○ **આરોગ્ય, મહામારી અને વૈશ્વિક સુરક્ષા**

કોરોના જેવી મહામારીરૂપી સંકટે એ સાબિત કર્યું છે કે વિશ્વમાં કોઈપણ એક જગ્યાની સમસ્યા ઝડપથી બધાની સમસ્યા બની શકે છે. અને આવા સમયે સારવાર, દવા, રસી અને આરોગ્યસુવિધાઓનું ન્યાયપૂર્ણ વિતરણ એ સહભાગી માનવતાનું ઉમદા ઉદાહરન છે. આ પ્રકારની વૈશ્વિક સ્વાસ્થ્યમાં “સામૂહિક સુરક્ષા” નો વિચાર એ સહભાગી માનવતાને પરિણામે છે.

○ **હવામાનમાં બદલાવ અને પર્યાવરણીય ન્યાય**

સામાન્ય રીતે જોવા જઈએ તો, હવામાન કે પર્યાવરણમાં આવતાં આકસ્મિક પરિવર્તનનો દરેકને પ્રભાવિત કરે છે. વિશેષ ગરીબ અને સંવેદનશીલ સમુદાયો પર વધારે પડે છે. સહભાગી માનવતા આ ફેરફારોને કુદરતનો મુદ્દો કે માર સમજવાની સાથે – સાથે એ સમગ્ર માનવ જગતના અધિકારનો મુદ્દો

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

(પ્રશ્ન) માની તેને માનવતા કે માનવ સન્માન સાથે મૂલવતાં શીખવે છે; સમસ્ત માનવજીવનની ટકાઉ જીવનશૈલી અને ટકાઉ વિકાસ માટે વૈશ્વિક સહકાર આવશ્યક બને છે.

○ **ગરીબી, સ્થળાંતર અને અસમાનતા**

ગરીબી અને સામાજિક – આર્થિક અસમાનતા આજે પણ વૈશ્વિક સ્તરની ગંભીર સમસ્યા છે. સામાન્ય રીતે રોજગાર, શિક્ષણ અને આરોગ્યમાં અસમાનતા કે અસંતોષ વધે ત્યારે લોકો તે પામવાને માટે સ્વાભાવિક રીતે કટિબદ્ધ પ્રયત્ન કરે છે, અને આથી સ્વાભાવિક રીતે સમાજમાં સંઘર્ષ સાથે તણાવ ઊભા થાય છે. સહભાગી માનવતા ગરીબીને "દયા"ની દૃષ્ટિથી નહીં પરંતુ "ન્યાય"ની દૃષ્ટિએ મૂલવતાં તેને વૈશ્વિક પ્રશ્ન – સમસ્યા તરીકે જુએ છે, પરિણામે સ્થાનિક અને વૈશ્વિક સ્તરે જેથી નીતિ અને વ્યવસ્થામાં સુધારા માટે નૈતિક દબાણ ઊભું થાય છે.

❖ **સહભાગી માનવતાને અસર કરતાં મુખ્ય તત્વો (પરિબળો) :**

સહભાગી માનવતાને અસર કરતાં મુખ્ય તત્વો (પરિબળો) જોઈએ તો –

○ **કરુણા અને સહાનુભૂતિ :**

કરુણા અને સહાનુભૂતિ એ સહભાગી માનવતાને મુખ્ય પરિબળ – તત્ત્વ છે. કરુણા એટલે એકબીજાના દુઃખને સમજવાની સાથે તેને ઘટાડવા માટે પ્રયત્ન કરવા. સહાનુભૂતિ માણસને કઠોર અને અસંવેદનશીલ બનતાં અટકાવે છે અને સૌહાર્દ – સંવાદ, સહકાર તથા સમાધાન માટે પ્રેરણા આપે છે.

○ **ન્યાય અને સમાનતા :**

સામાજિક ન્યાય અને સમાનતા એ સહભાગી માનવતાને અસર કરતું બીજું મહત્વનું પરિબળ છે, સમાનતા માત્ર કાયદા સુધી મર્યાદિત ન રહેતાં, તે દરેક અવસરે (તક), દરેકને સમાન સંસાધનિક ઉપભોગ અને દરેકના સન્માનની જાળવણી થવી જોઈએ. જ્યાં વ્યક્તિના આ ન્યાય અને સમનતાના અધિકારો ભંગ થાય છે ત્યાં સહભાગી માનવતા નૈતિક રીતે અવાજ ઉઠાવે છે અને તેને સંતોષવા માટે કટિબદ્ધ બને છે.

○ **માનવ અધિકાર અને માનવ ગૌરવ :**

માનવ અધિકાર એ સહભાગી માનવતાનું વ્યવહારુ સ્વરૂપ છે. શિક્ષણ, આરોગ્ય, સુરક્ષા, વાણી સ્વતંત્રતા અને ભેદભાવથી મુક્ત જીવન જેવા અધિકારો દરેક માણસ માટેના અબાધિત અધિકારો છે અને તેની જાળવણી એ દરેક સમાજ અને રાજ્યની જવાબદારી બને છે.

○ **સહકાર અને પરસ્પર જવાબદારી :**

સહભાગી માનવતા એ વ્યક્તિને 'સ્વ હિતાય'થી ઉપર 'સર્વ હિતાય'ની પ્રવૃત્તિ સાથે જોડે છે. વ્યક્તિ માત્ર પોતાનું હિત ન જોતાં વિશ્વ કુટુંબકમની ભાવના સાથે સર્વ હિતાર્થે એકબીજા સાથે જોડાય છે અને સહકારથી સમસ્યાનું સમાધાન શોધે છે. આમ, સહકાર અને પરસ્પરની એકબીજા તરફની જવાબદારી માટે સહભાગી માનવતાનું મૂલ્ય જરૂરી છે.

❖ **સહભાગી માનવતા સામેના પડકારો :**

સહભાગી માનવતા પેદા કરવા – ઊભી કરવા સામેના અનેક પડકારો છે; અનેક એવી બાબતો છે જે સહભાગી માનવતા સામે અવરોધક સાબિત થઈ છે; જે નીચે પ્રમાણે છે :

○ **સંકુચિત રાષ્ટ્રવાદ અને જૂથવાદ :**

પ્રવર્તમાન સમયમાં કેટલેક ઠેકાણે અતિ રાષ્ટ્રવાદ અથવા જૂથવાદ ચરમસીમાએ હોય તેવું આપણને ભાસે છે. દરેક પોતાને "હું જ શ્રેષ્ઠ" એમ માની "તેને મારાથી દૂર રાખો." એમ માનતો થયો છે. આ પ્રકારનું વલણ સહભાગી માનવતાના વિચારને નબળો પાડે છે અને સામાજિક સંઘર્ષને વધારે છે.

○ **ખોટી માહિતી અને મીડિયા પ્રેરિત નફરત :**

ડિજિટલ યુગમાં ઝડપથી ફેલાતી ખોટી અને ભ્રામક માહિતી લોકોના પૂર્વગ્રહને વધારવાની સાથે સમુદાય – સમુદાય મધ્યે અવિશ્વાસનું વાતાવરણ ઊભું કરે છે. અને આ પ્રમાણે સહભાગી માનવતાની ભાવના કુંઠિત બને છે.

○ **આર્થિક સ્વાર્થ અને શક્તિની રાજનીતિ :**

વૈશ્વિક સ્તર પર જોઈએ તો વિશ્વમાં ઘણી વખત લેવાતા નિર્ણયો ન્યાયના આધાર પર નહીં પરંતુ શક્તિ અને સ્વાર્થના આધાર પર લેવાય છે. પરિણામે માનવતાની વાત માત્ર ઉચ્ચકોટિના ભાષણ બની રહે છે.

સહભાગી માનવતાને નીતિ વિષયક બનાવવા અને એને નીતિમાં લાવવા માટે પારદર્શિતા અને જવાબદારી જરૂરી છે.

○ **અસમાનતા અને અવસરની ખાઈ :**

જ્યાં – જ્યાં વ્યક્તિ – વિકાસની તક ઓછી થતી જાય છે ત્યાં – ત્યાં સમાજમાં રોષ વધતો જાય છે. લોકો એકબીજાને શંકાની નજરે જુએ છે. સહભાગી માનવતા માટે દરેકને સમાન અવસર (તક) અને સામાજિક સુરક્ષા મળે એવું દઢતાથી માને છે.

❖ **સહભાગી માનવતાને દઢ અને મજબૂત બનાવવા માટેની વ્યૂહરચના :**

સમાજ – વૈશ્વિક સ્તર ઉપર જો સહભાગી માનવતાને દઢ અને મજબૂત બનાવવી હશે તો નીચે જેવી કેટલીક બાબતો ઉપર ભાર મૂકવો આવશ્યક છે.

○ **મૂલ્યઆધારિત શિક્ષણ અને વૈશ્વિક નાગરિકતા**

શાળા, કોલેજોમાં મૂલ્યશિક્ષણ, સહાનુભૂતિ, માનવ અધિકાર અને વૈશ્વિક નાગરિકતાના શિક્ષણ ઉપર ભાર મૂકવો પડશે. માત્ર માહિતી નહીં, પરંતુ વ્યક્તિ – માનવીમાં માનવ–કેન્દ્રિત દષ્ટિ વિકસે તે માટે વધુ સુદઢ શિક્ષણ પ્રણાલી વિકસાવવી પડશે.

○ **સૌહાર્દ અને સાંસ્કૃતિક વિનિમય**

સૌહાર્દ સામાજિક નફરતને ઓછી કરવાની સાથે વિવિધ ધર્મ, ભાષા અને સમુદાય વચ્ચે સાંસ્કૃતિક કાર્યક્રમો, ચર્ચાસત્રો, અને સહભાગી પ્રકલ્પ (પ્રોજેક્ટો) દ્વારા "અજાણ્યા" લોકો "જાણીતા" – "પરિચિત" બનાવી શકે છે.

○ **મીડિયા સાવચેતી અને ડિજિટલ સાક્ષરતા :**

પ્રવર્તમન સમયમાં મીડિયા સાક્ષરતા વધારવી એ અતિઆવશ્યક બનતું જાય છે. લોકો ખોટી અને ભ્રામક માહિતી ઓળખી શકે અને તે સંદર્ભે સાવચેત બની પોતાને સલામત રાખી શકે તે ખૂબ જરૂરી છે. જવાબદાર મીડિયા સમાજમાં શાંતિ, સમજ અને માનવતાને મજબૂત બનાવી શકે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

○ **ન્યાય આધારિત નીતિઓ :**

સરકાર અને સંસ્થાઓએ દરેકને વિકસવા માટેની સમાન તક (અવસર) પૂરાં પાડવાં જોઈએ. આરોગ્ય અને શિક્ષણના ક્ષેત્રમાં સમાન ન્યાય આધારિત નીતિઓ અમલમાં મૂકવી જોઈએ. માત્ર વાતો કરવાથી સહભાગી માનવતા સચોટ બનતી નથી પરંતુ તેને વ્યવહાર અને વ્યવસ્થામાં લાવવાથી તે વધુ સુદૃઢ અને સચોટ બને છે.

❖ **ઉપસંહાર :**

આમ, સહભાગી માનવતા એ મૂલ્યો અને વૈશ્વિક દૃષ્ટિકોણના પરિપ્રેક્ષ્યમાં કેન્દ્રીય વિચાર છે. તે આપણને હમેશાં યાદ અપાવે છે કે દુનિયાની વિવિધતા વચ્ચે પણ આપણે એક જ માનવ કુળના સભ્ય છીએ. વૈશ્વિક સમસ્યાઓ જેમ કે યુદ્ધ, મહામારી, હવામાન ફેરફાર અને અસમાનતાના સમાધાન માટે માત્ર ટેક્નોલોજી કે કાયદો પૂરતો નથી; તેના માટે કરુણા, ન્યાય, સહકાર અને માનવ ગૌરવ આધારિત દૃષ્ટિ જરૂરી છે.

સહભાગી માનવતા આપણા વિચારોને વિસ્તારવાની સાથે આપણા પૂર્વગ્રહને નબળું પાડી સૌહાર્દને મજબૂત બનાવે છે. તે વ્યક્તિને વધુ માનવતાવાદી અને સમાજને વધુ ન્યાયી બનાવે છે અને વિશ્વને વધુ સહકારભર્યું બનાવે છે. અંતે, એટલું ચોક્કસ કહી શકાય કે, મૂલ્યો અને વૈશ્વિક દૃષ્ટિકોણ ત્યારે જ અર્થપૂર્ણ બનશે જ્યારે વ્યક્તિ, સંસ્થા અને રાષ્ટ્ર પોતાના જીવન વ્યવહારમાં સહભાગી માનવતાને કેન્દ્રમાં રાખી "માણસ" અને "માણસાઈ"ને સર્વોચ્ચ મૂલ્ય તરીકે સ્વીકારશે.

**સંદર્ભ :**

Appiah, K. A. (2006). *Cosmopolitanism: Ethics in a world of strangers*. W. W. Norton & Company.

Bauman, Z. (2000). *Liquid modernity*. Polity Press.

Castells, M. (2010). *The rise of the network society* (2nd ed.). Wiley-Blackwell. (Original work published 1996)

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
Special Issue: 1
May: 2026

Nussbaum, M. C. (2011). *Creating capabilities: The human development approach*. The Belknap Press of Harvard University Press.

Putnam, R. D. (2007). E pluribus unum: Diversity and community in the twenty-first century. *Scandinavian Political Studies, 30*(2), 137–174. https://doi.org/10.1111/j.1467-9477.2007.00176.x

Sen, A. (1999). *Development as freedom*. Alfred A. Knopf.

Sen, A. (2006). *Identity and violence: The illusion of destiny*. W. W. Norton & Company.

United Nations. (1948). *Universal Declaration of Human Rights*. https://www.un.org/en/about-us/universal-declaration-of-human-rights

UNDP. (2022). *Human Development Report 2021/2022: Uncertain times, unsettled lives: Shaping our future in a transforming world*. United Nations Development Programme. https://hdr.undp.org

UNESCO. (2015). *Global citizenship education: Topics and learning objectives*. UNESCO. https://unesdoc.unesco.org

WHO. (2020). *Coronavirus disease (COVID-19) advice for the public*. World Health Organization. https://www.who.int

IPCC. (2023). *Climate change 2023: Synthesis report*. Intergovernmental Panel on Climate Change. https://www.ipcc.ch